## મોડાસા જી.ઈ.સી.માં ચૂંટણી પંચના બ્રાન્ડ એમ્બેસેડર રેડિયો જોકી હર્ષિલે પહોંચી યુવા મતદારોમાં જાગૃતિ અભિયાન

મોડાસા, તા. ૩

રાજ્યમાં ચાલુ વર્ષે સૌથી વધુ યુવા મતદારો અરવલ્લી જીલ્લામાં નોંધાયા છે. જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજમાં કોલેજના વિદ્યાર્થીઓ અને યુવા મતદારો વચ્ચે ચૂંટણી પંચના બ્રાન્ડ એમ્બેસેડર રેડિયો જોકી હર્ષિલે ઉપસ્થિત રહી મતદાન જાગૃતિ



અભિયાન અંગે યુવાઓને જાણકારી આપી હતી. આ પ્રસંગે જીલ્લા કલેકટર એમ.નાગરાજન, જીલ્લા ચૂંટણી અધિકારી પ્રિતેશ દવે, પ્રિન્સિપાલ પ્રભાકર અને શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. જી.ઈ.સી.ના લેક્ચરર ગજેન્દ્રસિંહ રાઠોરે મતદાર યુવા જાગૃતિ કેમ્પેઈનમાં વિશેષ જવાબદારી નિભાવી હતી.

આગામી લોકસભાની ચૂંટણીને લઈને ચૂંટણી પંચ દ્વારા વિવિધ લોક જાગૃતિના કાર્યક્રમો આયોજિત કરવામાં આવી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ વર્ષે રાજ્યમાં સૌથી વધુ નવા યુવા મતદારો અરવલ્લી જિલ્લામાં નોંધાયા છે. ત્યારે મોડાસાની સરકારી એન્જિનિયરિંગ કૉલેજ ખાતે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ચૂંટણી પંચના બ્રાન્ડ એમ્બેસેડર રેડિયો જોકી હર્ષિલ મોડાસા ખાતે પહોંચી યુવા મતદારોને મતદાન કરવા માટે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તદઉપરાંત રેડિયો જોકી હર્ષિલે મતદાન જાગૃતિને લઈને વિવિધ ગેમ્સ રમાડીને મતદાન અંગે યુવાઓને જાણકારી શેર કરી હતી. યુવા મતદારો માટે કૉલેજમાં ઈવીએમ નિદર્શન માટે વિશેષ વ્યવસ્થા તેમજ સેલ્ફી પોઈન્ટ પણ મુકવામાં આવ્યો હતો. અરવલ્લી જીલ્લા ચૂંટણી પંચ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ચૂંટણી પંચના અધિકારીઓ સહિત કૉલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા લોકસભા બેઠક પર કોંગ્રેસને આખરે મુરતિયો મળ્યો ખરો : રાજેન્દ્રસિંહ ઠાકોર પર મારી મહોર

સાબરકાંઠા લોકસભા બેઠક કોંગ્રેસ હાઈ કમાન્ડ માટે માથાનો દુખાવો સાબિત થઈ હતી લોકસભાની ચૂંટણી જાહેર થયા પછી સતત ઉમેદવારોના નામને લઈને ચાલેલી સતત અટકળો અને સસ્પેન્સનો અંત આવ્યો હતો કોંગ્રેસ હાઈ કમાન્ડે આખરે મોડાસા વિધાનસભા બેઠક પર સતત બે ટર્મ થી કોંગ્રેસના પંજાનો જાદુ બરકરાર રાખનાર મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરની પસંદગી કરતા સાબરકાંઠા લોકસભાની બેઠકની ટિકિટ માટે પસંદગી કરતા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં આનંદ છવાયો હતો ગુજરાતની સાબરકાંઠા બેઠક માટે એઆઈસીસીના ખજાનચી અને કોંગ્રેસના દિગજ્જ નેતા અહેમદ પટેલ અને રાહુલગાંધીના નજીકના અને કદાવર નેતા પૂર્વ સાંસદ મધુસુદન મિસ્ત્રી આમને-સામને હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી અહેમદ પટેલ મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સાબરકાંઠા બેઠક પર ચૂંટણી લડાવવા માંગતા હતા બીજીબાજુ રાજ્યસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રી સાબરકાંઠા જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત કે



પછી પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને ને ટિકિટ આપવાનો હઠાગ્રહ લઈ બેસતા મામલો વધુ ગૂંચવાયો હતો તેમાં પણ નાટ્યાત્મક રીતે અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોરસેનાના પ્રમુખ સંજય ઠાકોરે દાવેદારી નોંધાવતા અને પાછલા બારણે ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે સાબરકાંઠા બેઠક પરથી ચૂંટણી લડવા પાછલા બારણે થી એન્ટ્રી મારતા સાબરકાંઠા બેઠકને લઈને કોકડું ગૂંચવાતા કોંગ્રેસ હાઈકમાન્ડ પણ લાચારી જેવી સ્થિતિમાં આવી ગયું હતું અને ઉમેદવાર જાહેર કરવામાં વિલંબ કરતા ઉમેદવારો, અગ્રણીઓ અને કાર્યકરોમાં પણ અનેક અટકળો વહેતી થઈ હતી ગુજરાત કોંગ્રેસે સાબરકાંઠા બેઠક માટે ઉમેદવાર નક્કી કરવા માટે રાહુલ ગાંધી પર અંતિમ નિર્ણય તેમના પર છોડયો હતો આખરે રાહુલ ગાંધી અને કોંગ્રેસની સ્ક્રીનિંગ કમિટીની ટીમે સસ્પેન્સનો અંત લાવતા સાબરકાંઠા લોકસભા ના ઉમેદવાર તરીકે અરવલ્લી જીલ્લાના અને મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર ના નામની જાહેરાત કરી હતી.

ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે સાબરકાંઠા લોકસભા બેઠક પર ચૂંટણી લડવા માટે ટિકિટની માંગ સાથે પાછલા બારણે કરાયેલા ધમપછાડા અને કોંગ્રેસ ક્ષત્રિય ઠાકોર સેના સાથે અન્યાય કરી રહી હોવાની લાગણી અનુભવતી હોવાનું જણાવી ક્ષત્રિય ઠાકોર સેનાએ કોંગ્રેસ સાથે છેડો ફાડી નાખવાની ચીમકી ઉચ્ચારી પ્રેસર પોલિટિકની નીતિ અપનાવવા છતાં કોંગ્રેસ હાઈ કમાન્ડે ટિકિટ ક્ષત્રિય ઠાકોર સેનાની માંગ સામે ઝૂક્યા વગર સાબરકાંઠા લોકસભા બેઠક પર ચૂંટણી જીતી શકે તેવા ક્ષત્રિય ઠાકોર સમાજના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોરને ટિકિટ ફાળવાતા ક્ષત્રિય ઠાકોર સેનાની આશાઓ ઠગારી નીવડી હતી અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના ખભે બંદૂક મૂકી ઘા કરાવી નીતિ પણ ઠગારી નીવડી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે પેરાશૂટ ઉમેદવારી કરનાર ઉમેદવારોના સપનાઓ ચકનાચૂર થતા સમસમી ઉઠ્યા હતા.

## પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ દ્વારા ઉમેદવારીપત્ર લઈ જતાં તર્ક-વિર્તક

### નગરપાલિકા વિરોધપક્ષના નેતા પણ ફોર્મ લઇ ગયા

પાલનપુર

બનાસકાંઠા લોકસભાની બેઠક ઉપર કોંગ્રેસ દ્વારા ઉમેદવાર જાહેર કરવામાં ન આવતાં પાર્ટી કોને ટિકિટ આપશે તેને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. બીજી તરફ ફોર્મ ભરવાની અંતિમ તારીખ પણ



નજીક આવી રહી છે. ત્યારે મંગળવારે પાલનપુર ધારાસભ્ય તેમજ નગરપાલિકાના વિરોધપક્ષના નેતા ઉમેદવારી ફોર્મ લઈ જતાં અનેક તર્ક- વિર્તકો વહેતા થયા છે.

બનાસકાંઠા લોકસભાની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારને લઈ કોકડું ગુંચવાયેલું છે. ભાજપના ઉમેદવાર સામે ટક્કર આપી શકે તેવા ઉમેદવારની શોધ ચાલુ છે. જ્યાં બનાસ ડેરીના પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળની સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી અને ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈનું નામ ચર્ચાઈ રહ્યું છે. જોકે, પરથીભાઈ ભટોળનો કોંગ્રેસમાં ભારે વિરોધ હોવાથી કોને ટિકિટ આપવી તેને લઈ મોવડીમંડળ અવઢવમાં મુકાઈ ગયું છે. ત્યારે આવી સ્થિતિમાં પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ તેમજ પાલનપુર નગરપાલિકાના વિરોધપક્ષના નેતા અમૃતભાઈ જોષી (દાઢી) મંગળવારે ફોર્મ લઈ જતાં અનેક તર્ક- વિર્તકો સર્જાવા પામ્યા છે.

### કુલ ૯૦ ઉમેદવારીપત્રોનું વિતરણ

બનાસકાંઠા લોકસભાની બેઠક ઉપર ચૂંટણી લડવા માટે ઉમેદવારોનો જાણે રાફડો ફાટ્યો છે. જ્યાં મંગળવારે વધુ ૧૫ ઉમેદવારીપત્રોનું વિતરણ થયું હતુ. જેની સાથે કુલ ૯૦ ઉમેદવારો ફોર્મ લઈ ગયા છે. જોકે, માત્ર બે અપક્ષ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.

## માલપુરના નાથાવાસ ગામે ૧૯૦૦ મતદારોએ "પાણી નહી તો વોટ નહી"ના બેનરો સાથે ચૂંટણીનો બહિષ્કાર

### મહીલાઓએ માટલા ફોડી સૂત્રોચ્ચાર કરી વિરોધ દર્શાવ્યો

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લામાં ઉનાળાની શરૂઆત થતાની સાથે



પાણીના પોકાર શરૂ થઈ ગયા છે. માલપુર તાલુકાના નાથાવાસ ગામના ગ્રામજનોને છેલ્લા કેટલાય સમયથી પાણી ન મળતા ગામના તમામ મતદારોએ પાણી નહી તો વોટ નહી ના બેનરો લગાવી તંત્ર વિરોધી સુત્રોચ્ચાર કરી લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરતા અને માટલા ફોડી ઉગ્ર વિરોધ નોંધાવતા તંત્રમાં દોડધામ મચી હતી.

માલપુર તાલુકાના નાથાવાસ ગામમાં બક્ષીપંચ અને ક્ષત્રીય સમાજના લોકો પશુપાલન અને ખેતીનો વ્યવસાય કરી ગુજરાન ચલાવે છે. ત્યારે ગત વર્ષ કરતા ચોમાસામાં ખુબ ઓછો અને નહીવત વરસાદ પડતા અરવલ્લી જીલ્લા સહીત તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાની શરુઆત થતાંજ પાણીની તંગી સર્જાતા પશુઓને અને માનવોને પીવાના પાણીની મોટી સમસ્યા ઉભી થઈ છે. ત્યારે ગ્રામજનો ધ્વારા પાણીની સમસ્યા અંગે તંત્રને વારંવાર રજુઆત કરવા છતા આજદિન સુધી પાણીની સમસ્યાનુ નિરાકરણ ન આવતા અંતે ગ્રામજનોએ એકત્ર થઈ ચૂંટણી બહીષ્કારની ચીમકી ઉચ્ચારી ગામના માર્ગો ઉપર માટલા ફોડી પાણી નહી તો વોટ નહી જેવા તંત્ર વીરોધી અને ચૂંટણી વિરોધી સુત્રોચ્ચાર કરી ગામમાં પ્રવેશતા જ ચૂંટણી બહિષ્કાર વિરોધી બેનરો લટકાવી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## નેનાવાનાં LIC એજન્ટની પ્રસંશીય કામગીરી નેનાવાને એક લાખનો ચેક અર્પણ

વર્ષ૨૦૧૮-૨૦૧૯નાંસંદર્ભે એલ.આઈ.સી.નાં એજન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલની સક્રિય કામગીરી ને પ્રસન્ન થઈ ધાનેરા એલ.આઈ.સી. કચેરી દ્વારા પ્રકાશભાઈ પટેલનાં ગામ નેનાવાનાં વિકાસનાં કામ માટે એક લાખનો ચેક અર્પણ કરાયો હતો.

આ પ્રસંગે ધાનેરા એલ.આઈ.સી. શાખાનાં બ્રાંચ મેનેજર શ્રી મગનલાલ મીના સાહેબ તથાં ડેપ્યુટી મેનેજર શ્રી લોકેશભાઈ તથાં ડેવલોપમેન્ટ ઓફિસર શ્રી મીનાં સાહેબ અને નેનાવાનાં વતની અને એલ.આઈ.સી.નાં જાગૃત એજન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ નાં હસ્તે નેનાવા સરપંચનાં પતિ શ્રી ગેનસિહને એક લાખનો ચેક અર્પણ કરાયો હતો. નેનાવાનાં લોકો દ્વારા એલ.આઈ.સી. અધિકારી શ્રી ઓનુ સાલ ઓઢાડી સન્માન કરાયું હતું આ પ્રસંગે આ કાર્યક્રમ નું સંચાલન પ્રાથમિક શાળાનાં આચાર્ય શ્રી વિરભાણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### પાટણ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર દ્વારા

## વડગામમાં પાટણ લોકસભાની ચૂંટણીનું મધ્યસ્થ કાર્યાલય ખુલ્લું મુકાયું

વડગામ તાલુકો અને પાલનપુર તાલુકાના કેટલાક ગામડા ૩-પાટણ લોકસભા મતવિસ્તારમાં આવે છે જેમાં પાટણ બેઠકના મધ્યસ્થ કાર્યાલયને વડગામ ખાતે ઉદગાટન કરાયુ હતુ. જેમાં પાટણ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભીએ વડગામ તાલુકાની જનતાને વિશ્વાસ સાથે અનેક આગેવાનની વચ્ચે ખાત્રી આપીને જણાવ્યું હતું કે હું પાટણ લોકસભા બેઠક જીતીને આવીશ તો મારી પ્રથમ વડગામ તાલુકાની જનતા ને સિંચાઇ ના પાણી માટેની સમસ્યા સતાવતી રહી છે તેને હલ કરવા મારા પ્રયત્નો રહેશે હુ કામ કરી બતાવીશ અને જો મારાથી આ કામ નહી થાયતો હુ સ્વેચ્છાએ રાજીનામુ આપી દઈશ કેમ ? તેઓ એ ઉપસ્થિત લોકો ને પ્રશ્ર્ન કરતા જણાવ્યુ હતુ કે જો હુ આ કામ નહી કરુ તો પછી હુ લોકોની સેવા કરવાના લાયક નથી એમ માની ને રાજી નામુ આપી દઈશ વધુ લોકોને વિશ્વાસ આપતા જણાવ્યુ હતુ કે મારા થી થશે તેટલા પ્રયત્ન કરીને વડગામ તાલુકાના વિકાસ માટે સહભાગી બનીશ.

આ કાર્યક્રમ માં વડગામ અને પાલનપુર તાલુકાના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પાટણ લોકસભાની બેઠકમાં વડગામ તાલુકો તેમજ પાલનપુર તાલુકાના કેટલાક ગામડાઓ આવે




છે ત્યારે પાટણ લોકસભા બેઠક ઉપર ભાજપ દ્વારા ખેરાલુના ધારાસભ્ય ભરતસિંહ ડાભીને ચુટણી જંગમાં ઉતાર્યા છે. જેને લઈ વડગામ ખાતે મંગળવારે ભાજપના મધ્યસ્થ કાર્યાલયને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, જીઆઈડીસી ચેરમેન બલવંતસિંહ રાજપૂત, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી સહીત મહાનુભાવોના હસ્તે વડગામમાં ભાજપ કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેમાં આવેલા આગેવાનોએ નરેન્દ્ર મોદીને બીજીવાર વડાપ્રધાન બનાવવા માટે આહવાન કર્યુ હતું. ત્યારે આ પ્રસંગે પાટણ લોકસભાના ઉમેદવાર ભરતસિંહ ડાભીએ જણાવ્યુ હતુ કે બેટી બચાવો - બેટી પઢાવો, સુજલામ-સુફલામ યોજનામા અમૃતમ યોજના સહીત ભાજપ સરકારે અમલમાં મુકી છે.

ગજેન્દ્રભાઈ સકસેના, વડગામ માર્કેટ યાર્ડ ચેરમેન કેશરભાઈ ચૌધરી, જિલ્લા પંચાયત સદસ્ય ફલજીભાઈ ચૌધરી, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ વિજયભાઈ ચક્રવતિ, વડગામ સરપંચ ભગવાનસિંહ સોલંકી, ભરતભાઈ પરમાર, અશ્વિન સકસેના બાલકૃષ્ણ જીરાલા, રાજેશભાઈ પરમાર, પ્રદિપ કટારિયા સહિત તાલુકાના આગેવાનો અને કાર્યકરોએ મોટી સંખ્યામા ઉપસ્થત રહ્યા હતા.

## આંતરરાજ્ય સરહદી રાજ્ય અને જિલ્લાના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી ગુજરાતમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ સહીત નશાયુક્ત પદાર્થો ઘુસાડવામાં આવી રહ્યા છે અને મોટાપાયે ગેરકાયદેસર ચીજવસ્તુઓની હેરાફેરી કરવા માટે અસામાજિક તત્વો ઉપયોગમાં લેતા હોવાથી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને રાજ્ય અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે અરવલ્લી જીલ્લા કલેકટર કચેરી ખાતે આંતરરાજ્ય સરહદ રાજસ્થાનના ડુંગરપુર જીલ્લાના મુખ્ય અધિકારીઓ અને મહીસાગર જીલ્લાના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી અને સરહદો પરથી થતી ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.



બુધવારે અરવલ્લી જીલ્લા કલેક્ટર કચેરી ખાતે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન અને જીલ્લા પોલીસવડા મયુર પાટીલની ઉપસ્થિતિમાં આગામી લોકસભાની ચૂંટણીના ભાગરૂપે આંતર રાજ્ય સરહદો પરની સુરક્ષા વ્યવસ્થા, દારૂબંધીનો કડક અમલ સહિત આચાર સંહિતાનો અમલ થાય તેના ભાગરૂપે બેઠક યોજવામાં આવી હતી. જેમાં ડુંગરપુરના કલેક્ટર અને જિલ્લા પોલિસ વડા, મહિસાગર જિલ્લાના કલેક્ટર અને જિલ્લા પોલિસ વડા તેમજ અરવલ્લી જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલિસ વડાની સંયુક્ત બેઠક યોજાઈ હતી.

## આંતરરાજ્ય મહત્વની બેઠકમાં મહિલા અધિકારી મોબાઈલમાં વ્યસ્ત

અરવલ્લી જીલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ આંતરરાજ્ય સરહદના અધિકારીઓ સાથેની મહત્વપૂર્ણ બેઠકમાં ઉપસ્થિત જવાબદાર મહિલા અધિકારી બેઠકમાં જાણે પરાણે હાજર રાખ્યા



હોય તેમ કે પછી બેઠકનું કોઈ મહત્વ ના હોય તેમ સતત મોબાઈલમાં રચ્યાપચ્યા રહેલા. મિટિંગ દરમિયાન કેમેરામાં કેદ થતા મહિલા અધિકારીની બેઠકમાં બેજવાબદારીપૂર્વકની વર્તણુકથી તેમની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ ઉભા થયા હતા. જીલ્લા કલેકટર અધિકારીએ ઓફિસના કામકાજના સમયે મોબાઈલમાં વ્યસ્ત રહેતા અધિકારીઓ અને કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવા જોઈએ તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

### અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે

## અલ્ટો કારમાં સંતાડેલો ૨૯ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લામાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને જીલ્લા પોલીસતંત્રએ જીલ્લાના મુખ્યમાર્ગો અને અંતરિયાળ માર્ગો પર સઘન પેટ્રોલિંગ હાથ ધરી વાહનો મારફતે ગેરકાયદેસર હેરાફેરી થતા દારૂના અને કેફીન પદાર્થો અટકાવવા કાર્યવાહી હાથ ધરી છે. જીલ્લા એલસીબી પોલીસે બોલુન્દ્રા-સરડોઈ રોડ પરથી પસાર થતા વાહનોનું ચેકીંગ હાથ ધરાતા વિદેશી દારૂ ભરી અલ્ટો કારમાં પસાર થતો બુટલેગર કાર રોડ પર મૂકી ફરાર થઈ જતા પોલીસે કારમાં તલાસી લેતા ગુપ્ત ખાનામાં સંતાડેલો ૨૯ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગુજરાત રાજયમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવવા બુટલેગરો મોટા પ્રમાણમાં નાના-મોટા વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ રહે છે. લોકસભાની ચૂંટણીમાં મુખ્યમાર્ગો પર અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ નાકાબંધી સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાતા બુટલેગરોએ નાના વાહનો મારફતે અંતરિયાળ માર્ગો મારફતે વિદેશી દારૂ ઘુસાડી રહ્યા છે.

મોડાસા તાલુકાના બોલુન્દ્રા-સરડોઈ માર્ગ પર જીલ્લા એલસીબી પોલીસે વાહનોનું સઘન




ચેકીંગ હાથ ધરાતા પોલીસ નાકાબંધી જોઈ વિદેશી દારૂ ભરી પસાર થતા અલ્ટો કારનો ચાલક કાર રોડ પર બિનવારસી મૂકી કોતરોમાં ફરાર થઈ ગયો હતો. એલસીબી પોલીસે કાર (ગાડી.નં-જીજે૧૮.એએચ.૧૮૫૪)માં તલાસી લેતા કારની પાછળની બેઠકમાં ગુપ્ત ખાનું બનાવી અને દરવાજાના પડખામાં સંતાડીને રાખેલો વિદેશી દારૂની બોટલ નંગ-૫૮ કિં. રૂ.૨૯૦૦૦ જપ્ત કરી કારની કિં. રૂ.૧૫૦૦૦૦ મળી કુલ રૂ.૧૭૯૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ખેડબ્રહ્માામાં ગર્ભવતી મહિલાનું દ્રુપદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

ખેડબ્રહ્મા શહેરમાં મંગળવાર સાંજના દ્રુપદ હોસ્પિટલમાં એક ગર્ભવતી મહિલાનું મોત નિપજતા ભારે હંગામો થયો હતો અને હાઈવે પર લોકોના ટોળા ઉમટી પડયા હતા.

પોશીના તાલુકાના ગોલવાડા ગામના પરમાર કાંતિભાઈ ધુલાભાઈની દીકરી કપિલાના લગ્ન ચોળીયા ગામના અનિલભાઈ ખોખરીયા સાથે કરવામાં આવ્યા હતા અને કપિલાબેન અનિલભાઈ ખોખરીયા (૨૨) ને પ્રથમ ડિલિવરી હોઈ તેના સગાંવહાલાં ડિલિવરી કરાવવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર લઈ ગયેલ. ત્યાંથી તેને ખેડબ્રહ્મામાં શિતકેન્દ્ર સામે આવેલ ધ્રુપદ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે મોકલવામાં આવી હતી. જ્યા સવારે ડોક્ટરે ૧૦ કલાકે એડમિટ કરી હતી અને સારવાર ચાલુ કરવામાં આવી હતી. ડોક્ટરે મહિલાના પરિવાર પાસે ડિપોઝિટના પૈસા પણ ભરાવી દીધા હતા અને બપોર બાદ મહિલાને પીડા થતા ડૉક્ટરેને બોલવવા જતા અડધા કલાકમાં આવું છે તેવું જણાવેલ. મહિલાની પીડા વધુ હોય ડૉક્ટરે બીજે બતાવવા લઈ જવાનું જણાવી માહિલાની સારવાર કરવામા હાથ




ઊંચા કરી દીધા હતા. મહિલાને બીજે લઈ ગયા હતા જ્યાં ડૉક્ટરે મહિલા મરણ ગયેલ હોવાનું જણાવતા તેનો પરિવાર ફરી ધ્રુપદ હોસ્પિટલ પહોચી વાત કરતા ડોક્ટર દક્ષાબેન પટેલે ઉદ્ધતાઈ ભરેલ વર્તન કરતા મામલો બીચકયો હતો. અને આદિવાસી સમાજના ટોળાં એકત્ર થવા લાગતા પોલીસે બદોબસ્ત ગોઠવવાની ફરજ પડી હતી. આ મામલો રાત્રે ૧૧ વાગ્યા સુધી ચાલેલ જેમાં મોડી રાત્રે મેડિકલ સ્ટોર વેપારી માલિકો વચ્ચે પડી મામલો રફેદફે કરાવ્યો હતો.

## પાલનપુર પંથકમાં ફેસબુક પર મહિલાના અશ્લીલ ફોટા વાયરલ કરતા ફરીયાદ

પાલનપુર પંથકમાં એક વ્યક્તના નામનું ખોટુ ફેસબુક આઈ.ડી.બનાવીને જે નામનું આઈ.ડી.બનાવેલ હતુ તેની જ પત્નીના અન્ય કોઈ યુવક સાથેના અશ્લીલ ફોટા ફેસબુક પર અપલોડ કરી વાયરલ કરતા આ બાબતે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પામી છે. તેમાં પોલીસે હાલમાં ગુનો દાખલ કરી કેસની ઘનિષ્ટ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લામાં પણ સોશીયલ મિડીયામાં ખોટી અને બદનામ કરવાના ઈરાદે કેટલીક પોસ્ટો ફરતી જાવા મળી રહી છે તેમાં આવી જ એક ઘટના સંદર્ભે પોલીસ દફતરે ફરીયાદ નોંધાવા પામી છે તેમાં પાલનપુર તાલુકાના એક ગામમાં રહેતા અને ખેડૂત પરીવાર સાથે સંકળાયેલા વ્યક્તના નામનું ખોટું ફેસબુક આઈ.ડી.બનાવીને આ ફેસબુક આઈ.ડી પર અજાણ્યા વ્યક્તએ જે નામનું ફેસબુક આઈ.ડી.બનાવ્યુ હતુ તે જ વ્યક્તની પત્નના અન્ય કોઈ યુવક સાથેના અશ્લીલ ફોટા અપલોડ કરી ફેસબુક પર વાયરલ કરી પતિ પત્નની બદનામી થાય તેવા આશયથી આ કૃત્ય કર્યુ હોવાની ફરીયાદ પાલનપુર તાલુકા પોલીસ મથકે નોંધાવતા પોલીસે હાલમાં તેમની ફરીયાદ આધારે આઈ.પી.સી.ની કલમ તથા આઈ.ટી.એક્ટ કલમ ૬૬ ઈ.ડી. ૬૭એ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ પાલનપુર સર્કલ પી.આઈ એન.ડી.અસારીએ હાથ ધરી છે.

## ખેડબ્રહ્મા અંબાજી માતાનો ચૈત્રી પુનમનો મેળો

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ખેડબ્રહ્મા મુકામે ચાલુ વર્ષે ચૈત્રી પુનમનો મેળો તા. ૧૭/૪/૨૦૧૯ થી ૧૯/૪/૨૦૧૯ દિન-૩ (ત્રણ) માટે યોજાનાર છે. આ મેળામાં શ્રીફળ, ચુંદડી, પ્રસાદ, ચા-નાસ્તો, ખાણીપીણી, પુસ્તકો, મનોરંજન આઈટમો વિગેરેના લારીગલ્લા, સ્ટોલ મુકવા સદરહુ માતાજી ગમતળ તરીકે ઓળખાતી જમીનમાં ચાલુ વર્ષે પ્લોટો પાડી જાહેર હરાજીથી ફાળવવાના થાય છે. જેમાં માતાજી ગામતળની જમીન તા. ૧૭/૪/૨૦૧૯ થી ૧૯/૪/૨૦૧૯ દિન-૩ (ત્રણ) માટે જાહેર હરાજીથી ભાડે આપવા માટે ટાવર પાસે માતાજી ગામતળ, અંબિકા માતાજી મંદિર, ખેડબ્રહ્મા, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા મુકામે તા. ૧૨/૪/૨૦૧૯ (શુક્રવાર)ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે જાહેર હરાજી રાખવામાં આવેલ છે. સબબ હરાજીમાં રસ ધરાવનાર ઈસમોને હરાજીમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીમાં હાજર રહેનાર ઈસમોએ ફરજીયાત પણે હરાજી સ્થળ ઉપર પાસપોર્ટ સાઈઝના ૨ (બે) ફોટા, આધારકાર્ડ અને ચૂંટણીકાર્ડ રજૂ કરવાના રહેશે, અન્યથા હરાજીમાં ભાગ લઈ શકશે નહી.

**સ્થળ : ખેડબ્રહ્મા**
**તા. 3/૪/૨૦૧૯**

**સહી/-**
**મામલતદાર, ખેડબ્રહ્મા**